અપીલ અરજી નં.૧૭૯ તા.૯–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી શેખ ઈદરીશહુશેન અબ્દુલ હુશેન

સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી શેખ ઈદરીશહુશેન અબ્દુલ હુશેનની તા.૩૦–૭–૦૯ ની અરજીથી (૧) મહાનગરપાલિકા ધ્વારા બનાવવામાં આવતાં મકાનોની ફાળવણી નિતિ નિયમોની વિગતો. (ર) જે.એન.યુ.આર.એમ. ધ્વારા ચાલતા પ્રોજેકટોની ફાળવણી અંગે કોઈ નિતિ નિયમો નકકી કરેલ હોય તો તે અંગેની માહિતી. (૩) સુ.મ.પા.ને સને ર૦૦૬ થી ર૦૦૯ ની ૩૧ માર્ચ સુધી કેન્દ્રીય સરકાર ધ્વારા હાઉસીંગ પ્રોજેકટ માટે મળેલ લોન, સહાય, ગ્રાન્ટ, દાન રૂપે કેટલી રકમ મળેલ છે તેનીવિગત આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૯–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૭૯/ર૦૦૯–૧૦

શ્રી શેખ ઈદરીશહુશેન અબ્દુલ હુશેનની તા.૩૦–૭–૦૯ ની અરજીથી (૧) મહાનગરપાલિકા ધ્વારા બનાવવામાં આવતાં મકાનોની ફાળવણી નિતિ નિયમોની વિગતો.(ર) જે.એન.યુ.આર.એમ. ધ્વારા ચાલતા પ્રોજેકટોની ફાળવણી અંગે કોઈ નિતિ નિયમો નકકી કરેલ હોય તો તે અંગેની માહિતી. (૩) સુ.મ.પા.ને સને ર૦૦૬ થી ર૦૦૯ ની ૩૧ માર્ચ સુધી કેન્દ્રીય સરકાર ધ્વારા હાઉસીંગ પ્રોજેકટ માટ મળેલ લોન, સહાય , ગ્રાન્ટ, દાન રૂપે કેટલી રકમ મળેલ છે તેની વિગત આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન વિભાગના પત્ર નં.એસયુસી/આ.૮૮૮ તા.૧૮–૮–૦૯થી આપેલ માહિતી અધુરી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૪૭ તા.૧૬–૯–૦૯ ના રોજ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સ્લમ અપગ્ર ેડેશન વિભાગ) તથા અરજદારને અપીલ અરજીમાં માહિતી અધૂરી મળેલ હોવાનું જણાવેલ દાવાના સમર્થન અંગે આધાર પુરાવા હોય તો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન વિભાગ)ના પત્ર ક્રમાંક નં.એસયુસી/આ.નં.૧રર૪ તા.રર–૯–૦૯ ના પત્રથી પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ છે. જેમાં નોંધ વિભાગ તથા અરજદારને એસયુસી/આ.નં.૯૯૮ તા.ર૬–૮–૦૯ ની નકલ તથા તેને પોસ્ટ કર્યાના પુરાવા, એસયુસી/આ.નં.૮૮૮ તા.૧૮–૮–૦૯ ની નકલ, માહિતી મેળવવા અંગે ભરપાઈ કરેલ રૂા.૩૪/– રસીદ નં.૭૫૭૦૪ તા.ર૫–૮–૦૯ ની નકલ, જાહેર માહિતી અધિકારીએ એસયુસી/૯૧૮ તા.૧ર–૮–૦૯ થી કાર્યપાલક ઈજનેર બ્રીજ, ડ્રેનેજ, રોડ, હાઈડ્રોલીક, સોલીડ વેસ્ટ, બીઆરટીએસ, ને તબદીલ કર્યાના પત્રની નકલ, સ ેન્ટ્રલઝોને કાર્યપાલક ઈજનેર હાઉસીંગ અનેસ્લમ અપગ્રેડેશન વિભાગ)ને તબદીલ કરેલ પત્ર નં.સ ે.ઝોન/આરટીઆઈ/જાવક/૫૫૬ તા.૩૧–૭–૦૯ ની નકલ, અરજદારની મુળ અરજીની નકલ , સ્થા.સ.ઠ. નં.૧૮૩૮/૦૭ તા.ર૮–૧ર–૦૭ ની નકલ, તા.ર૪–૧ર–૦૭ ની દરખાસ્તની નકલ, સ્લમ અપગ્રેડેશન સેલની આવાસ ટાઈપ એનેક્ષર–૧ ની નકલ, આવાસની વિગતો તથા ફાળવણીની શરતો એનેક્ષર–ર ની નકલ, કબ્જા મળ્યાની પહોંચનો નમુનાની નકલ ,આવાસ ફાળવણી પત્રનો નમુનાની નકલ, ફાળવણી અંગેની લાયકાત બાબતે એનેક્ષર–૩ નો નમુનો, સ્થા.સ.ઠ. નં.૮૧ ૪/૦૯ તા.ર–૭–૦૯ ના ઠરાવની નકલ, ટાઉન પ્લાનર જે એન.એન.યુ.આર. એમના ટાઉન પ્લાનર તરફથી નં.ટીપીડી/નં.જે એન.એન.યુ.આર.એમ/આરટીઆઈ/૫ તા.૬–૮–૦૯ નો તબદીલ પત્ર, કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનના પત્ર નં. સ ે.ઝોન/આરટીઆઈ/જાવક/૫૫૬ તા.૩૧–૭–૦૯ નો તબદીલ પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૩૦–૭–૦૯ ની અરજીથી ઉપરોકત જણાવેલ મુદ્દા નં.૧ થી ૩ બાબતે કરેલી અરજી બાબતે સ ેન્ટ્રલ ઝોન તરફથી નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૫૫૬ તા.૩૧–૭–૦૯ થી કાર્યપાલક ઈજનેર (સ્લમ અપગ્રેડેશન સેલ અને કાર્યપાલક ઈજનેર (હાઉસીંગ) ને તબદીલ કરવામાં આવેલ . કાર્યપાલક ઈજનેર (હાઉસીંગ)તરફથી ટાઉન પ્લાનીંગ વિભાગ જે. એન.એન.યુ.આર.એમ ને તબદીલ કરવામાં આવેલ. આ ઉપરાંત કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ કક્ષાએથી મુદ્દા નં.ર બાબતે કાર્યપાલક ઈજનેર(બ્રીજ, ડ્રેનેજ, રોડ, હાઈડ્રોલીક, સોલીડ વેસ્ટ અને બીઆરટીએસ)ને એસયુસી/આ.નં.૯૧૮ તા.૧ર–૮–૦૯ થી તબદીલ કરવામાં આવેલ. જે અંગે કાર્યપાલક ઈજનેર જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રડેશનસેલ)કક્ષાએથી એસ.યુ.સી./આ.નં.૮૮૮ તા.૧૮–૮–૦૯ થી અરજદારને માહિતી આપતો પત્ર પાઠવેલ છે તેમજ એસ.યુ.સી./આ.નં.૯૯૮ તા.ર૬–૮–૦૯ થી પાના નં.૧૭ ની દસ્તાવેજી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેની નકલ અત્રે રજૂ કરેલ છે. જેમાં મુદ્દા નં.(૧) મહાનગરપાલિકા ધ્વારા બનાવવામાં આવતાં મકાનોની ફાળવણી નિતિ નિયમોની વિગતો માંગવામાં આવેલ. જે અંગે જે એન.એન.યુ.આર. એમ./બીએસયુપી/એનેક્ષર–ર અંતર્ગત સુરત શહેર વિસ્તારમાં તૈયાર થયેલ આવાસોની વિગત તથા ફાળવણીની શરતો અંગેની માહિતી પાના નં.૧૭ સહિત અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં. (૩) સુ.મ.પા.ને સને ર૦૦૬ થી ર૦૦૯ ની ૩૧ માર્ચ સુધી કેન્દ્રીય સરકાર ધ્વારા હાઉસીંગ પ્રોજેકટ માટે મળેલ લોન, સહાય , ગ્રાન્ટ, દાન રૂપે કેટલી રકમ મળેલ છે તેની વિગતની માંગણી કરવામાં આવેલ. જેના અનુસંધાને મુદ્દા નં. ૩ માં જે.એન.એન.યુ.આર. એમ./બીએસયુપી એનેક્ષર અંતર્ગત આવાસો બનાવવાના/હાઉસીંગ પ્રોજેકટ માટે કે સરકાર ધ્વારા સને ર૦૦૬ થી

૨૦૦૯ ની ૩૧ મી માર્ચ સુધી રૂા.૧૫૮.૭૯
કરોડની ગ્રાન્ટ મળેલ છે. જે વિગતો પણ પૂરી પાડવામાં આવેલ છે. તથા મુદ્દા નં.ર અંગે કાર્યપાલક ઈજનેર(બ્રીજ, ડ્રેનેજ, રોડ, હાઈડ્રોલીક, સોલીડ વેસ્ટ અને બીઆરટીએસ)ને એસયુસી/આ.નં.૯૧૮ તા.૧૨–૮–૦૯ થી તબદીલ કરવામાં આવેલ. અરજદારે તા.૯–૯–૦૯ ની અપીલ અરજીમાં મુદ્દા નં.૧ ની અધૂરી માહિતી તથા મુદ્દા નં.૩ અંગે વિગતવાર માહિતી આપેલ નથી તેવી રજૂઆત કરી કાર્યપાલક ઈજનેર (સ્લમ અપગ્રેડેશન સેલને જ અપીલ કરેલ છે. પરંતુ અરજદારે મુદ્દા નં.ર બાબતે કોઈ રજૂઆત અપીલ તબકકે કરેલ નથી. તેથી તે બાબતે કોઈ તકરાર રહે નહીં. જયારે મુદ્દા નં.૧ મળેલ માહિતીમાં કઈ માહિતી અધૂરી છે તે મળેલ નથી તે બાબતે તથા મુદ્દા નં.૩ અંગે કઈ વિગતવાર માહિતી મળેલ નથી તે અંગે નં.આરટીઆઈસેલ/૬૪૭ તા.૧૬–૯–૦૯ ના રોજ પત્ર પાઠવી દાવાના સમર્થનમાં આધાર પુરાવા કરવા જણાવેલ તેમ છતાં અપીલ સાથે કે અપીલ તબકકે કોઈ વિગતો પૂરી પાડેલ નથી. તેમ છતાં તેની મુળ અરજી જોતાં અરજદારને મુદ્દા નં .૧ અને ૩ બાબતે જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ) કક્ષાએથી આવાસ ફાળવણીના નિયમો અને આવાસ ફાળવણીની ગ્રાન્ટ ની માંગવામાં આવેલી માહિતી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન વિભાગ તરફથી પૂરી પાડવામાં આવેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ)કક્ષાએથી અરજદારને સમય મર્યાદામાં માહિતી પૂરી પાડવામાં આવેલ છે જેથી માહિતી સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

***ડે.કમિશ્નર(જનરલ.)***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન સેલ).... જાણ તથા અમલ માટે.
(૨) શ્રી શેખ ઈદરીશહુશેન અબ્દુલ હુશેન